## જન્મદિને વધામણી



જયેશ પંચોલી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯



દક્ષા ભરત પંડ્યા
મો. ૯૮૯૮૬ ૩૦૫૨૯



મુકુન્દ ભટ્ટ
મો. ૯૮૯૮૨ ૭૯૦૭૯



સંકેત ઠાકર
મો. ૯૯૭૪૫ ૨૫૪૭૨



શોર્ય જસ્મીન જોષી
મો. ૯૮૨૫૩ ૨૨૯૦૨



પ્રેમ યમરાજ પંડ્યા
મો. ૭૯૯૦૨ ૧૬૭૮૩

# જુડો સ્પર્ધામાં ચૌધરી કન્યા વિદ્યાલય વિજેતા

ગાંધીનગર, તા. ૨૧

સાંઇ કૉમ્પલેક્સ, ગાંધીનગર ખાતે તાજેતરમાં જુડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની વિદ્યાર્થીનીઓએ વિજેતા પદ હાંસલ કર્યું હતું.

યશ્વી પટેલ, ધારા પટેલ, દ્દષ્ટિ ચૌધરી, શીતલ પટેલ, નીતા ચૌધરી અને પ્રીતી પટેલે પ્રથમ તથા કિરણ ચૌધરી અને અણસી ચૌધરીએ દ્વિતિય ક્રમનું વિજેતા પદ હાંસલ કર્યું હતું. સૌ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર વતી આચાર્ય સંતોકબેન ચૌધરી દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# આર જી - ઍસ બી પટેલ શાળા વૉલીબૉલ સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૧

સ્વામીનારાયણ ગુરુકુળ, સૅક્ટર-૨૩ ખાતે અન્ડર-૧૯ વૉલીબૉલ સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને ઍસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાએ વિજેતા બની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

આ ઉપરાંત અન્ડર-૧૯ એથ્લેટિક્સ સ્પર્ધામાં પણ શાળાની વિદ્યાર્થીનીઓએ ૧૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ગોળાફેંક, ચક્રફેંક, ઊંચીકૂદ, ૨૦૦ મીટર દોડ, ૫૦૦ મીટર દોડમાં પ્રથમ વિજેતાક્રમ મેળવી જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

અન્ડર-૧૯ રોલબૉલ સ્પર્ધા લલિતકલા ઍકેડેમી, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવી હતી, જેમાં શાળાની ૧૧ વિદ્યાર્થીનીઓએ વિજેતા પદ મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. હિરલ પી સુથાર, કિંજલ પી સોલંકી, આકાંક્ષા વાય પટેલ, પિલ્લુ કે મોકરીયા, આયુષી એસ દવે, પૂજા આર સોલંકી, પ્રિયા બી ચૌહાણ, મૌલિ એસ પટેલ, રિશ્વા જે શાહ, હેલી એમ પટેલ, નિકીતા જી રાઠોડ દ્વારા આ વિજેતાપદ હાંસલ કરવામાં આવ્યું હતું.

આ તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાનાં વ્યાયામ શિક્ષક ઊર્વશીબેન જોશી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળા પરિવાર વતી આચાર્ય દ્વારા સૌ વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ગુજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમની

# શારીરિક શિક્ષણ અને રમત વિદ્યાશાખા દ્વારા વિશ્વ વસતી સપ્તાહની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૧

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ વસાતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

આ સપ્તાહના ઉદ્‌ઘાટન પ્રસંગે પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસભાઈ ઠાકરે પોતાનું પ્રવચન આપ્યું હતું. સપ્તાહ દરમિયાન સૂત્ર લેખન, નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દરેક વર્ષના ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સપ્તાહ દરમિયાન ગીત ગુંજન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પુસ્તકાલયના અધ્યાપક જગદીશ પારીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમ હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ અને ડૉ. અરવિંદભાઈ રામી દ્વારા કરવામાં આવ્યું હતું.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે

# ઍનઍસઍસ દ્વારા નવા વિદ્યાર્થીઓને આવકાર





ગાંધીનગર, તા. ૨૧

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા ઍનઍસઍસમાં નવા જોડાયેલા વિદ્યાર્થીઓને આવકારવાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા, પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી, પ્રૉ. સમીરભાઈ પંડ્યા, ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ દ્વારા વિદ્યાર્થીઓને ઍનઍસઍસ દ્વારા વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ અંગે સમજ આપવામાં આવી હતી. ડૉ. રણછોડ રથવી દ્વારા ઍનઍસઍસ સ્વયંસેવક તરીકે વિદ્યાર્થીઓની જવાબદારીને ઉજાગર કરી હતી અને વ્યક્તિત્વ વિકાસ થકી સમાજસેવા કેવી રીતે થઈ શકે તે અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ઍનઍસઍસના સિનિયર સ્વયંસેવકો દ્વારા સ્કીટ, નાટક, પ્રાર્થના, વિવિધ નૃત્યો જેવી સાંસ્કૃતિક કૃતિઓના માધ્યમથી ઍનઍસઍસ અંગે જાણકારી પ્રસારિત કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે જૈમિન પટેલ, કુલદીપ રથવી, નિલાંજના રાય, પિંકલ પટેલ, વિરલ ચાવડા, પાર્થ દલવાડી, પ્રાર્થના દલવાડી, સિદ્ધ ભાવસાર, ધારા સોની, મહેશ્વરી પરમાર, રાજેશ્વરી પટેલ, જૈનિત ડેડાણીયા, અજય ગોસ્વામી, જાનકી પટેલ, આષ્કા જોષી, આંજીલ વગેરે સ્વયંસેવકોએ જહેમત ઊઠાવી હતી.

# રાજ પ્રાથમિક શાળા ખાતે ગુરુવંદના કાર્યક્રમ યોજાયો

## શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

રાજ પ્રાથમિક શાળા, શારદા વિદ્યાલય, શેઠ શ્રી બી બી પટેલ ઉચ્ચ માધ્યમિક શાળા, ક્રિષ્ના સ્કૂલ ઑફ સાયન્સ ખાતે તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ અને ગુરુવંદના કાર્યક્રમનું આયોજન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ તરીકે ગાયત્રી પરિવારના ડૉ. ઈશ્વરભાઈ પટેલ, મદદનીશ બાગાયત અધિકારી જયંતિભાઈ આર પટેલ, સિંચાઈ વિભાગના નિવૃત્ત ઉપસચિવ બાબુભાઈ એસ પંચાલ અને ક્રિશ્ના સ્કૂલ ઑફ સાયન્સના ચૅરમૅન બાબુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સૌ અતિથિઓ દ્વારા ગુરુ-શિષ્ય સંબંધ વિશે વિગતવાર સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી તથા વૃક્ષોનું જતન કરવા માટેની શીખ આપવામાં આવી હતી. તેમણે વૃક્ષોનાં જતન માટેનો સંકલ્પ પણ વિદ્યાર્થીઓ પાસે લેવડાવ્યો હતો.

શાળાના આચાર્ય અશ્વિનભાઈ બી પટેલ અને શાળા પરિવારે સાથે મળીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શાળાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી વૃક્ષારોપણ કર્યું હતું અને પોતાનાં ગુરુજનોને પુષ્પ અર્પણ કરીને તેમનું ભાવપૂર્ણ રીતે પૂજન કર્યું હતું.

# મહાનગરપાલિકા શાળાકીય રમતોત્સવમાં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય વિજેતા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાનો શાળાકીય રમતોત્સવ શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સૅક્ટર-૩૦ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં યજમાન વિદ્યાલયના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી અન્ડર-૧૯ કબડ્ડી તથા ખો-ખોની રમતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

કબડ્ડીની સ્પર્ધામા ૧૫ તથા ખો-ખોની સ્પર્ધામાં ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. કબડ્ડીની ફાઇનલ સ્પર્ધા શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય અને વેદ ઈન્ટરનૅશનલ સ્કૂલ વચ્ચે તથા ખો-ખોની સ્પર્ધા વિદ્યાલય અને શારદા વિદ્યાલય, સૅક્ટર-૧૫ની ટીમ વચ્ચે રમાઈ હતી. ઉલ્લેખનીય છે કે બંને રમતોમાં શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયે વિજેતા બનવાનો ક્રમ સતત ત્રીજા વર્ષે જાળવીને અનોખા રેકોર્ડનું સર્જન કર્યું હતું. આ પ્રસંગે શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના પ્રિન્સિપાલ યુવરાજસિંહ વાઘેલા, ટ્રસ્ટી અર્જુનસિંહ અને શોભનાબા વાઘેલા, રૉટરી કલબ ઑફ કૅપિટલ, ગાંધીનગરના પ્રમુખ બી કે ચાવડા, અરવિંદ રાણા, ઍસઍજીના સિનિયર કોચ ગોઠીએ વિદ્યાલય અને વિદ્યાલયના કબડ્ડી ટીમના કોચ ડિમ્પલ રાજપૂત ઉપરાંત ખેલાડીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.




મહર્ષિ અત્રિ વિદ્યાલય ખાતે બૅન્ક ઑફ બરોડા, પેથાપુર શાખા દ્વારા બૅન્કના સ્થાપના દિન નિમિત્તે વિદ્યાર્થીઓને પૅન્સિલ અને ચૉકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગની યાદગારી રૂપે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

# સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપમાં ઈન્ફોસિટી સ્કૂલ વિજેતા બની

## વિદ્યાર્થીઓએ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મૅડલ જિત્યા

ગાંધીનગર, તા. ૨૧

અમદાવાદમાં સીટીઍમ ખાતે ગુજરાત સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપ યોજાઈ હતી, જેમાં ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણના વિદ્યાર્થીઓએ ભાગ લઈ મૅડલ્સ પ્રાપ્ત કર્યા હતા.

ચીફ કોચ જતિન દવે અને કોચ અજય જાડેજાના માર્ગદર્શનમાં વિશ્વ કે ચૌધરીએ ગોલ્ડ મેડલ, ક્રિશ પરમાર, વજ્ર એચ પટેલ, હર્ષ વી પટેલે સિલ્વર મેડલ અને સાર્થક કે પટેલ, રૂદ્ર એ રાઠોડ, પ્રિયાંશુ એ પ્રિયદર્શી, જૈનિલ આર પટેલ અને કર્મ બી પંચોટિયાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

આ વિજેતા વિદ્યાર્થીઓને મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સર, વૈષ્ણવ સર, ગુજરાતી માધ્યમનાં પ્રિન્સિપાલ પ્રવિણાબેન અને અંગ્રેજી માધ્યમનાં સુપરવાઈઝર દિપ્તીબેને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.


## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

‘મારું પ્રિય પુસ્તક’


સાયન્સ સિટી ખાતે રોયલ સોસાયટી ઓફ કેમિસ્ટ્રી દ્વારા

# રસાયણશાસ્ત્રને રસપ્રદ બનાવવા કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા. ૨૦

સાયન્સ સિટી ખાતે રોયલ સોસાયટી દ્વારા ગુજરાતભરના શિક્ષકો માટે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્યતે રસાયણશાસ્ત્રને વધારે રસપ્રદ કેમ બનાવી શકાય તેના પર ચર્ચા કરવામાં આવી હતી.

રોયલ સોસાયટી ઓફ ચેમિસ્ટ્રી એ યુકેની ખ્યાતનામ ચેમિસ્ટ્રીની સંસ્થા છે. જે ઘણા વર્ષોથી લોકોને રસાયણશાસ્ત્ર સાથે જોડી રાખવાનું અને તેને રસપ્રદ બનવાનું કામ કરે છે. તેમનો મુખ્ય ઉદેશ્ય ભવિષયી પેઢીને વિજ્ઞાન સાથે જોડી રાખવાનો છે. તેના માટે તેઓ સતત વિજ્ઞાન તેમાં પણ રસાયણશાસ્ત્રને લઈને રસપ્રદ એકટીવિટીસ કરતા રહે છે.

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી અને ગુજકોસ્ટ સાથે મળીને બે દિવસીય રસાયણશાસ્ત્રને લગતો કાર્યક્રમ આયોજિત કર્યો છે. ગુજરાત લેવલ પર પ્રથમ વાર આવી રીતે શિક્ષકો માટે કોઈ એકટીવીટી યોજાઈ છે. આ કાર્યક્રમમાં ગુજરાતભરના લગભગ ૫૦ જેટલા શિક્ષકોએ ભાગ લીધો છે. કાર્યક્રમ ૨૦ જુલાઈ અને ૨૧ જુલાઈ સુધી ચાલશે. જેમાં મુખ્યતે રાસાયણશાસ્ત્રને રસપ્રદ બનવાની અનેક રીતો સરળ રીતે શીખવવામાં આવશે. લાઈવ ડેમોન્સ્ટ્રેશન, સ્પીચ, પ્રશ્નો, શિક્ષકોને પડતી તકલીફોનું નિવારણ થશે. આ કાર્યક્રમ ૩ વિભાગમાં યોજાશે.



રોયલ સોસાયટી ઓફ ચેમિસ્ટ્રમાંથી આવેલા ટ્રેનર મનોરમા રામદાસ એ જણાવ્યું કે આજના યુગમાં ભણતરનું આગવું મહત્વ છે. તેમાં પણ જયારે સાયન્સના વિષયો વિષે વાત કરીયે તો ખુબજ લાંબો અભ્યાસક્રમ હોય છે અને તેને પૂરો કરવાનો સમય ટૂંકો હોય છે. તેમાં પણ વિદ્યાર્થીઓને સમજાય તેવી ભાષા, પદ્ધતિ અને સરળ રીત અપનાવી પડે છે. એટલા માટે અમે આકાર્યક્રમ શિક્ષકો સાથે કરીએ જેથી તેઓ વિધાર્થીઓન રસાયણશાસ્ત્ર સાથે સરળતાથી સાંકળી શકે. એક શિક્ષક જેટલું સરળતાથી રસાયણશાસ્ત્ર સમજશે તેટલું જ સરળ વિદ્યાર્થીઓ માટે થશે. મોટા ભાગના વિધાર્થીઓ ગોખીને પાસ થવામાં મને છે, અનાથી વિપરીત અમે ઈચ્છીયે છીએ કે વિધાર્થીઓ વિજ્ઞાનને સાંજે રાસાયણશાત્રને સાંજે જે માત્ર એક શિક્ષક જ કરી શકે છે. એટલા માટે અમે આ કાર્યક્રમ શિક્ષકો સાથે યોજીયે છીએ. આશા છે કે આપણી ભવિષ્યની પેઢી આ દિશામાં કામ કરે.



## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં ભારતીય ક્રિકેટ ટીમના નવા બોલિંગ કોચ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) ભરત અરૂણ
(બી) ભરત બાંગારૂ
(૩) ભરત ગાંગુલી
(૪) ભરત નેગી

(૨) ૨૦૧૭માં બ્રિટીશ સંસદીય સમિતિમાં પ્રથમ મહિલા શીખ સાંસદ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
(એ) પરબિન્દર કોર ગિલ
(બી) પ્રીત કોર ગીલ
(૩) જસમીત કોર ગીલ
(૪) પ્રીતિ કોર ગીલ

(૩) ૨૦૧૭માં બ્રિટીશ સંસદીય સમિતિના સભ્ય બનનાર પ્રીત કોર ગીલ કયા પક્ષના સાંસદ છે?
(એ) કન્ઝર્વેટીવ પાર્ટી
(બી) નૅશનલ મોર્ચા પાર્ટી
(૩) નેશનલ કમ્યુ. પાર્ટી
(૪) લેબર પાર્ટી

(૪) બીએસપી સુપ્રિમો માયાવતીએ તાજેતરમાં સંસદના કયા ગૃહમાંથી પોતાનું રાજીનામું આપી દીધું છે?
(એ) ઉ.પ્ર. વિધાનસભા
(બી) રાજ્યસભા
(૩) લોકસભા
(૪) વિધાન પરિષદ

(૫) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે ભારતના સૂચના અને પ્રસારણ મંત્રી તરીકે વધારાનો હવાલો કયા કેન્દ્રીય મંત્રીને આપ્યો છે?
(એ) સતીષ ગંગવાર
(બી) નરેન્દ્રસિંહ તોમર
(૩) સ્મૃતિ ઈરાની
(૪) કિરણ રીજ્જુ

(૬) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે શહેરી વિકાસ મંત્રાલયનો વધારાનો હવાલો કયા કેન્દ્રીય મંત્રીને સોંપ્યો છે?
(એ) ડી વી સદાનંદ ગોડા
(બી) વિજય ગોયલ
(૩) ડૉ. વર્ષવર્ધન
(૪) નરેન્દ્રસિંહ તોમર

(૭) ૨૦૧૭માં ભારતના કયા રાજ્યની સરકારે પોતાના રાજ્યમાં અલગ ધ્વજ (ઝંડો) રાખવા અને તેની ડિઝાઈન બનાવવા કઈ સમિતિની રચના કરી છે?
(એ) કેરળ
(બી) તામિલનાડુ
(સી) કર્ણાટકા
(ડી) તેલંગણા

(૮) કર્ણાટક સરકારે અલગ ધ્વજ (ઝંડા)ની ડિઝાઈન માટે કુલ કેટલા સભ્યોની સમિતિ બનાવી છે?
(એ) ૯
(બી) ૧૦
(સી) ૧૧
(ડી) ૧૨

(૯) ૨૦૧૭માં ભારતીય રેલવે તંત્રએ યાત્રીઓની સુવિધા માટે લોન્ચ કરેલી નવી એપ્લીકેશનનું નામ શું છે?
(એ) મિત્ર ઍપ
(બી) સાથી ઍપ
(૩) સારણી ઍપ
(૪) સારથી ઍપ

(૧૦) ૨૦૧૭માં કયા રાજ્યની સરકારે દેશનો સૌથી લાંબો ઍક્સપ્રેસ વે બનાવવાની જાહેરાત કરી છે?
(એ) બિહાર
(બી) ઉત્તર પ્રદેશ
(૩) ગુજરાત
(૪) મધ્ય પ્રદેશ